# 8

**સરકારી પ્રાથમિક શાળાઓમાં કન્ટીજન્સી ગ્રાન્ટ**

***15/4/1180: શ્રી શૈલેષ મનુભાઇ પરમાર(દાણીલીમડા): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં સરકારી પ્રાથમિક શાળાઓમાં કન્ટીજન્સી ગ્રાન્ટ શાળા દિઠ, શિક્ષક દિઠ કે આચાર્ય દિઠ કેટલી ફાળવવામાં આવે છે, | (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં સરકારી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીદીઠ રૂ.૮/- લેખે ડેટમ કેપીટેશન ગ્રાન્ટ ફાળવવામાં આવે છે, તેમાંથી મુખ્ય શિક્ષક દીઠ રૂ.૫૦/- તથા વધારાના પ્રત્યેક શિક્ષક દીઠ રૂ.૨૫/- કન્ટીન્જન્સી ગ્રાન્ટ આપવાના ધોરણો અમલમાં છે. |
| (૨) | ઉક્ત દરો ક્યારથી અમલમાં છે, | (૨) | ડેટમ કેપીટેશન ગ્રાન્ટ આપવાના ધોરણો તા.૦૧/૦૪/૧૯૯૯થી અમલમાં છે. કન્ટીન્જન્સી ગ્રાન્ટ આપવાના ધોરણો તા.૧૦/૧૦/૨૦૦૭થી અમલમાં છે. |
| (૩) | ઉક્ત સ્થિતિએ ઉક્ત દરોમાં છેલ્લે ક્યારે કેટલો વધારો કરવામાં આવેલ, અને | (૩) | ડેટમ ગ્રાન્ટ આપવાના ધોરણોમાં તા.૦૧/૦૪/૧૯૯૯થી રૂ.૪/- માં વધારો કરીને રૂ.૮/- તથા કન્ટીન્જન્સી ગ્રાન્ટ આપવાના ધોરણોમાં તા.૧૦/૧૦/૨૦૦૭થી મુખ્ય શિક્ષક દીઠ રૂ.૨૫/- માં વધારો કરીને રૂ.૫૦/- અને વધારાના પ્રત્યેક શિક્ષક દીઠ રૂ.૧૦/- માં વધારો કરીને રૂ.૨૫/- આપવાનું ઠરાવેલ છે, અને. |
| (૪) | ઉક્ત દરોમાં હવે ક્યારે કેટલો વધારો કરવામાં આવનાર છે? | (૪) | ઉક્ત દરોમાં વધારો કરવાની બાબત હાલ વિચારણામાં નથી. |

--------------------